## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

છે હિમાલય શિરે મુકુટ કેદાર ભારત ધન્ય છે,
ગંગા-યમુનાની આ પવિત્ર ભૂમિથી ભારત ધન્ય છે,
મળ્યા શ્રદ્ધાળ ભક્ત વડાપ્રધાન ભારત ધન્ય છે,
ધન્ય છે ભારતના નિવાસીઓ, ભારત ધન્ય છે.

**હાઈકુ**

થયું છે ધન્ય
નમોને કરો વંદન
'હિંદુસ્તાન'ને

થયા સ્થાપિત
શ્રી મોદી વિશ્વનેતા
ધન્ય ભારત
(ગુજરાતનું ગૌરવ)

### ચિંતન

*કદાચન સ્તરીરસિ નેન્દ્ર સશ્ચસિ દાશુષે ।*
*ઉપોપેન્નુ મઘવન્ ભૂય ઈન્નુ તેદાનં દેવસ્ય પૃચ્યતે ॥*

ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.

પરમેશ્વર ક્યારેક કોઈના કર્મને નિષ્ફળ કરતા નથી અને કોઈ નિર્દોષ ને દંડ દેતો નથી. આ જન્મમાં અને પૂર્વજન્મમાં પ્રત્યેક માનવીને માટે કર્મફળની વ્યવસ્થા કરી દેવામાં આવી છે.

સંસારમાં બધા પ્રકારનાં કામકાજ ઈશ્વરીય સત્તા વડે જ નિયંત્રિત હોય છે. માનવીને પરમેશ્વરે આટલી બધી કૃપા અને વરદાન આપ્યા છે. તેમનો જો સદુપયોગ કરી શકે નહીં, પોતાનો સાચા અર્થમાં માનવી બનાવી શકે નહીં, તો પછી આ માનવ યોનિમાં આવવાથી શો લાભ? પાછળા જન્મમાં પાપ કર્મોની સજા તો ભોગવવી જ પડે. તેના કારણે આ જીવનમાં દુઃખ અને મુશ્કેલીઓ ભોગવવા પડે છે. પ્રાયશ્ચિત કર્યા વગર આપણે વધુ ને વધુ પાપકર્મોમાં ફસાઈ એ છીએ.

ઈશ્વરના આ ન્યાયકારી સ્વરુપ અને કર્મફળની મહત્તાને બરાબર સમજી લેવાથી માનવી હંમેશા સદ્વિચારો અને સત્કર્મોમાં જ રચ્યો પચ્યો રહે છે તથા કુવિચારો અને દુર્ભાવનાઓના આક્રમણથી બચી જાય છે.

### સુવિચાર

- અનુભવ હમારે જ્ઞાન કો બઢા દેતા હૈ, પર હમારી બેવકૂફિયોં કો કમ નહીં કરતા - **સંપત સરલ**
- સંબંધોમાં જે ઓગળી શકતા નથી એ જ જામી જતાં હોય છે ગઠ્ઠો ન થઈ જાય એ માટે પીગળવું જરૂરી હોય છે - **ભૂપત વડોદરિયા**
- બે આઁખોથી જોવાયેલા સપનાં કરતાં ચાર આંખોથી જોવાયેલું સપનું સાકાર થાય છે ત્યારે સુખ હાથવગું બની જાય છે - **કૃષ્ણકાંત ઉનડકટ**
- દુનિયા શું કહે છે એનો વિચાર ના કરતાં, તમારું દિલ કહે તે કરજો કેમ કે દુનિયા પારકી છે અને દિલ પોતાનું - **અખંડ આનંદ**
- આપણને ન ગમે તેવું કોઈ ન કરતું હોય ત્યારે આપણે એને ગમતું હોય એવું જ કરવું એ પ્રેમનો પર્યાય જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે મનો વ્યાપાર નિર્ભય બનાવે, તે વ્યાપાર કરેલો કામનો - **દાદા ભગવાન**
- આજનું ઔષધ : જૈતુનના તેલમાં હળદર ઉમેરીને તે પેસ્ટ ખંજવાળ વાળી જગ્યાએ એક કલાક લગાડી રાખવાથી તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અમીર શેઠ અઢળક સંપત્તિ અને સાહ્યબીમાં જીવતો હતો. તેને ત્યાં કામ કરતા માળી પટ્ટાવાળા, ચોકીદારને જોઈને એને થતું કે આ બિચારા લોકોની જિંદગી કેટલી ખરાબ છે? કેટલા બધા અભાવમાં એ લોકો જીવ્યે જાય છે. એક દિવસ એણે એના પટ્ટાવાળાને પૂછ્યું કે 'તમે સુખી છો ?' પટાવાળો આખા બોલો હતો તેણે ચોખ્ખેચોખ્ખું સંભળાવ્યું. 'સાહેબ, હું તમારા કરતા વધુ સુખી અને ખુશ છું!!' અમીરે પૂછ્યું, 'કેવી રીતે ?' પટાવાળાએ કહ્યું, 'હું અહીંથી છૂટીને ઘરે જાઉં પછી પરિવાર સાથે જ મજા કરું છું. અમારા ઘરની નજીક એકબગીચો છે. મારા બાળકોને ત્યાં લઈ જાઉં છું. તે ત્યાં હીંચકા, લપસણી, ઉચકનીચક વગેરેનો ભરપૂર આનંદ માણે છે. ત્યારે મન લાગે છે કે હું તમારાથી વધુ સુખી છું. તમારે તો ઘરમાં જ બગીચો છે પણ કોઈ રમતું કે બેસતું નથી. કારણ કે આપ તો વ્યસ્ત રહો છો. છોકરાવ મોબાઈલ ફોનમાં મસ્ત હોય. અને તમે તમારા આર્થિક હિસાબ કિતાબમાં હોવ છો. તમારે વાર-તહેવારો અગત્યના વ્યક્તિની યાદી બને અને એમને મિઠાઈનું બોક્સ માણસ આપી આવે. એટલી મર્યાદા છે. અમે ઘરે જ અમારી ત્રેવડ મુજબ મિઠાઈ બનાવીએ છીએ. ખાઈએ અને ખવડાવીએ પણ ખરા. પડોશમાં કોણ રહે છે તેની ખબર પણ નથી.' અમારી ને પટ્ટાવાળાની વાત દિલ સોંસરવી ઊતરી ગઈ.

# ઉજવણીમાં આચારસંહિતા ભુલાઈ

**તંત્રીસ્થાનેથી...**

તહેવારોની મોસમ અને કોરોનામુક્તિનો સમન્વય સધાતાં ઉત્સવપ્રિય પ્રજાજનો ધાર્મિક સ્થળો અને પ્રવાસન ધામો પર વિક્રમજનક સંખ્યામાં ના ઊમટી પડે તો જ નવાઈ. આ વખતની દિવાળી બધાને ફળી એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લાગવી જોઈએ. ગુજરાતીઓ આમ પણ હરવાફરવાના શોખીન છે. કોરોનાએ જડબેસલાક બાંધી રાખ્યા હતા એટલે લાચાર થઈને ઘરમાં પુરાઈ રહ્યા હતા. જેવો 'ઉઘાડ' નીકળ્યો કે કોઈ ડેમ તૂટતાં પાણી ધસમસતાં વહી નીકળે એમ ગરવા ગુજરાતીઓ સૈરસપાટા મારવા અને ખિસ્સાં હળવાં કરવા ઊંધું ઘાલીને નીકળી પડ્યા. ગુજરાતનાં તમામ નાનાં-મોટાં તીર્થસ્થાનો, પર્યટન સ્થળો અને ગુજરાત બહારનાં પર્યટન સ્થળો તથા ધાર્મિક કેન્દ્રો ગુજરાતીઓથી ઊભરાઈ ઊઠ્યાં. ગુજરાતીઓ એક રીતે પર્યટન ઉદ્યોગની અને ધાર્મિક સંસ્થાનોની ધોરી નસ જેવા બની રહ્યા છે. દિલ્હીના જનપથ માર્કેટથી લઈ ગોવાના બીચ, દીવની હોટલો, આબુના રૈન બસેરા કે સ્ટેચ્યૂ અને સફેદ રણની રોનક આ વિરલ પ્રવાસીઓની ચાતક નજરે રાહ જોતી હોય છે. કુઝ સેવાનો સૌથી વધારે લહાવો ગુજરાતીઓ જ લૂંટે છે તો વળી ચારધામથી લઈ ચોટીલા, પાવાગઢ અને ગીર-જૂનાગઢમાં ગુજરાતીઓ જ ગુજરાતીઓ ઊભરાયા. હવે પછીના દિવસોમાં કોરોનાનો કોઈ નવો વેરિયેન્ટ દેખા દેશે તો એનું 'શ્રેય' પણ આ પ્રવાસઘેલા ગુજરાતીઓના શિરે જ મઢી દેવાશે ! ગુજરાતમાં 'છઠ્ઠ પૂજા' અને સૂર્ય સપ્તમીનો ઝાઝો મહિમા નથી. પરંતુ બિહાર અને પૂર્વાંચલનો એ સૌથી મહત્ત્વનો ઉત્સવ છે. અને સળંગ ત્રણ દિવસના તપ પછી આથમતા સૂર્યને અર્ઘ્ય આપી સૂર્ય સપ્તમીની સવારે પારણાં કરાય છે. શ્રદ્ધાને કોઈ જ સીમાડા નથી નડતા. એટલે સૂર્ય ષષ્ઠી હવે ફક્ત પ્રાદેશિક ઉત્સવ ન રહેતા રાષ્ટ્રીય સ્વરુપ ધારણ કરી રહેલ છે. દિલ્હીમાં તો એનો વિશેષ મહિમા છે. યમુનાનાં કેમિકલના ફીણવાળાં મેલાં જળમાં પણ શ્રદ્ધાળુ બિહારી મહિલાઓએ સૂર્ય પૂજાનો કર્મકાંડ સંપન્ન કર્યો તો શું સૂચવે છે? સ્વાસ્થ્ય આપણી પરંપરામાં અગ્રતાક્રમે નથી. એનું સ્થાન શ્રદ્ધાએ ખૂંચવી લીધું છે. પ્રજા ઉત્સવપ્રિય છે એમ નેતાઓ પણ એની રગ પારખનારા છે. ભારતીય જનતા પાર્ટી તો ઉત્સવોના ખભે ચડીને જ સત્તાના શિખર સર કરતી રહી છે. કોરોનાએ એની બાજી બગાડી ન મૂકી હોત તો એની ઉત્સવ પરંપરામાં અવનવાં છોગાં ઉમેરાયાં હોત. ગુજરાતને સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને કચ્છના સફેદ રણ જેવાં નવા પ્રવાસન સ્થળો નરેન્દ્ર મોદીનું જ પ્રદાન છે. હવે એમાં હેરિટેજ યાદીમાં ઉમેરાયેલું કચ્છનું ધોળાવીરા પણ ઉમેરાયું છે. ભારતીય જનતા પાર્ટી માટે સૌથી વધુ મહત્ત્વની ચીજ છે સત્તા. જ્યાં સત્તા નથી ત્યાં એ હાજરી પુરાવવા પણ તનતોડ મહેનત કરે છે. છેલ્લી પેટા ચૂંટણીઓમાં હિમાચલ પ્રદેશમાં એને ભારે લપડાક મળી છે. દિવંગત મુખ્યમંત્રી વીરભદ્રસિંહ રાજવંશી હતા. એમની સામે ભાજપ સરકારે અનેક આક્ષેપોસર તપાસ માંડેલી હતી. એમના અવસાનથી ઊભી થયેલી સહાનુભૂતિની લહેર કોંગ્રેસને ફળી છે. મોદી અને શાહ પણ સમજે છે કે હિમાચલ પ્રદેશમાં પાર્ટીને મળેલી પછડાટ એ રાહુલ-પ્રિયંકાનો કરિશ્મા નથી. તેલંગાણામાં ભાજપને ઐતિહાસિક વિજય સાંપડ્યો છે. મધ્યપ્રદેશમાં 'મામા' એ મોરચો બરાબર સંભાળી રાખ્યો છે. હરિયાણામાં દેવીલાલનો વંશ ફરી માથું ઊંચકી રહ્યો છે. આ તમામ બાબતો દિલ્હી ખાતે યોજાયેલી કાર્યકારિણીમાં વડાપ્રધાન મોદીની હાજરીમાં અને જે.પી. નડ્ડાની અધ્યક્ષતામાં ચર્ચાઈ જેમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ મુખ્યમંત્રીએ નહીં પણ પૂર્વ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી ઉપરાંત આદિવાસી સાંસદ રમીલા બારાએ કર્યું તે સૂચક છે. સૌથી વધારે ઊડીને આંખે વળગે તેવી બાબત એ રહી કે ભાજપના એક માત્ર મુખ્યમંત્રી તરીકે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીને જ એમાં સદેહે ઉપસ્થિત રહેવાની તક અપાઈ. યોગી આદિત્યનાથે માત્ર ઉત્તરપ્રદેશની રાજકીય પરિસ્થિતિનો જ ચિતાર નથી આપ્યો. એમની પાસે રાજકીય ઠરાવ પણ કરાવાયો છે. હવે રાજનાથસિંહ ધીરે ધીરે હાંસિયે ધકેલાઈ રહ્યા છે. યોગી સાધુ પણ છે અને ક્ષત્રિય પણ છે. ખુદ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ એમને આગળ ધરી રહેલ હોઈ ગમે કે ના ગમે પણ મોદી અને શાહની બેલડીમાં આ ઉત્તરપ્રદેશના ભગવાંધારી નેતાને ત્રીજા મહત્ત્વના પરિબળ તરીકે સામેલ કરી દેવાયા છે.

# મમતાનું કોઈ મોલ ન હોય



નવાં કલેવર
નટવર હેડાઉ

એક ઘટાદાર ઝાડની ઊંચી ડાળ પર જ્યાં સામાન્ય રીતે કોઈની નજર ન પહોંચે. પણ તમે ધ્યાનથી જૂઓ તો હચચલ દેખાય. એક પંખી આમથી તેમ ઊડતું આવે ને જાય. વારંવાર ઊંચી ને ડાળના ખૂણા પર જ્યાં બે ડાળખીનાં ફાંટા પડતા હતા તે જગ્યાએ બેસે અને ફરી ઊડે.

તેની ચાંચમાં જુઓ તો કંઈક તણખલું હોય, એક... બે.... ત્રણ... તણખલાં ગોઠવે. પણ પંખી જરાય નિરાશ ન થાય. સવારથી સાંજ તણખલાં ભેગાં કરી ગોઠવે રાખે. આમ કરતાં કરતાં એક આકાર હવે દેખાવા લાગ્યો. હાં, પંખીનો માળો તૈયાર થઈ ગયો હતો. તણખલાંના સુંદર ગુંથણી કરી પંખીએ માળો બનાવ્યો હતો. પંખી હવે ખુશ હતું.

આકાશમાં વાદળો ઘેરાવા લાગ્યા હતા. બફારો બહુ જ હતો પણ વરસાદ પડતો ન હતો. પંખી વારંવાર આકાશ તરફ જોતું હતું. ક્યારેક ઠંડા પવનની લહેરખી આવતી હતી. તો ક્યારેક આંધી અને વંટોળ જેવું આવતું હતું. ત્યારે પંખી ફફડી ઊઠતું. તેને એમ થતું કે આ વંટોળીયું મારો માળો ઉડાડી લઈ ન જાય તો સારું. પણ એવું કંઈ થયું નહીં.

એક દિવસ પંખીએ માળામાં બે ઈંડા મૂક્યા. નાના નાના લંબગોળ ઈંડા ને તે નિહાળવા લાગ્યું. તેનો ચળકતો રંગ અને ક્યાંક ક્યાંક ધબ્બા. પંખી તેના પર બેસીને ઈંડા સેવવા લાગ્યું. તેમાં ઘણી વખત તેને ભુખ તરસનું પણ ભાન રહેતું ન હતું.

વાદળો ગડગડાટ કરવા લાગ્યાં. વીજળી ચમકવા લાગી. દિવસે પણ અંધારું થઈ ગયું હતું તેવું વાતાવરણ થઈ ગયું. પંખીને માળામાં કંઈક હચલચ થવા લાગી. અરે ! ઈંડામાંથી બચ્ચાં બહાર આવવા મથતાં હતા. તે જોઈ તેની ખુશીનો પાર ન રહ્યો. વરસાદ વરસી જતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. લીલી ઘાંસની કુંપળોથી ધરતી હરિયાળી બની ગઈ હતી. નાના જીવજંતુ કોણ જાણે ક્યાંથી નીકળી પડ્યાં હતા.

પંખી તીવ્રતાથી આમ તેમ જઈ નાના જીવ જંતુને ચાંચમાં પકડી લઈ આવતું હતું. માં ને જોઈ બંને બચ્ચાં ચાંચ પહોળી કરી ખાવા માટે ઉતાવળ કરતાં હતા. ચીં.... ચીં... કરી વાતાવરણ ગજવી મુકતા હતા. ખુબ ભૂખ્યા થયા છે એ ભાવ સ્પષ્ટ દૃષ્ટિગોચર થતો હતો. માંની મમતા તેમને સ્પર્શતી હતી. ખોરાક તેના મોંમાં આપતાં માં પોતાને ધન્ય માનતી હતી. બચ્ચા હવે પાંખો ફફડાવીને માંનું સ્વાગત કરતા દાણા અને ખોરાક ગ્રહણ કરતા હતા. માતાના મનનો મોર નાચવા લાગ્યો. તે પોતાનાં બચ્ચાની આસપાસ ફરવા લાગી. તેમને ઉડત શીખવવા લાગી. સાથે સાથે તેમના ખોરાકનો પ્રબંધ પણ કરતી હતી.

સમયની સાથે બચ્ચા સક્ષમ થયાં. તે હવે માંથી જુદા થઈ ગયા. પણ માંની મમતા હજુ જેવી હતી તેવી જ હતી.

તે આજે પણ બચ્ચા માટે રાહ જોતી બેસવા લાગી. વન-વગડામાં શિખારી પક્ષી, સાપ કે કોઈ શિકારી તેનો શિકાર ન કરે તેની ચિંતા તેને સતાવ્યા કરતી હતી. કોઈપણ જાતના લોભ-લાલચ કે સ્વાર્થ વગરનું માનું આ વર્તન કંઈ આશ્ચર્યજનક ન કહેવાય.

આ મમતા છે. માનવ હતપ્રભ હતા. મમતાનું કોઈ મોલ ન હોય. શું તેણે ક્યારેય પીછાણ્યું છે.

# ગુજરાતી ફિલ્મો કાઠું કાઢી રહી છે




મન-રંજન
દ્વનિલ પારેખ

આમ તો 'હેલ્લારો' ફિલ્મ રાષ્ટ્રીય સ્તરે સમગ્ર રીતો પુરસ્કૃત થઈ હતી ત્યારથી જ ગુજરાતી ફિલ્મો વિશે એક નવી આશા બંધાઈ હતી. કથા, પટકથા, સંવાદ, ગીત, સંગીત બધી રીતો 'હેલ્લારો' એ ગુજારાતી ફિલ્મો વિશેની માન્યતાઓનો ખોટી પાડી હતી. એ સિવાય પણ એ અનોક ફિલ્મ મહોત્સાવમાં રજૂ થઈ હતી. હવે, વિજયગિરિ બાવા દિગ્દર્શિત ફિલ્મ '૨૧મું ટિફિન' ઈન્ડિયન પોનોરમ માટે પસંદ થઈ છે અનો વળી, એકવાર ગુજરાતી ફિલ્મ રાષ્ટ્રીય સ્તારે પોંખાશે.

અત્યાર સુધી ઈન્ડિયન પોનોરમા માટે કમેન શાહ દિગ્દર્શિત 'ભવની ભવાઈ' અનો સંજીવ શાહની ફિલ્મ 'હું હુંશી હુંશીલાલ' પસંદ થઈ હતી. ૨૧મું ટિફિન ત્રીજી ફિલ્મ હશે જે આ પોનોરમા માટે પસંદ થઈ. ગુજરાતી ફિલ્મોના ચાહકો માટે આ એક અત્યંત આનંદના સમાચાર છે, એ પણ દિવાળી ટાણે !

ગુજરાતી ફિલ્મોમાં શહેરીકરણ પ્રવેશ્યું ત્યારથી એનો મિજાજ બદલાયો છે. 'કેવી રીતો જઈશ?' 'છેલ્લો દિવસ' કે બીજી અન્ય ફિલ્મોમાં એ ગુજરાતી સિનોમા વિશેની અત્યાર સુધી જે




ઈમેજ હતી એનો તોડવાનો પ્રયત્ન કર્યો. એમાં અભિષેક જૈન, વિજયગિરિ બાવા અનો અન્ય દિગ્દર્શકોનો ફાળો મોટો હતો. પરેશ નાયકે જયંત ખત્રીની વાર્તા 'ધાડ' પરતી એ જ નામની ફિલ્મ બાનાવી હતી. પણ એ બહુ મોટા વર્ગનો આકર્ષી શકી નાહોતી. જયારે 'હેલ્લારો' ફિલ્મ દરેક વર્ગનો સ્પર્શી હતી. ખાસા કરીનો એનાં ગીતો અનો સંવાદો, જૈ સૌમ્ય જોષીના હતા. '૨૧મું ટિફિન' પણ યુવા વાર્તાકાર રામ મોરીની વાર્તા પરથી બનોલી ફિલ્મ છે. જે આમ તો ડિસોમ્બારમાં રજૂ થશે. વિજયગિરિ બાવાએ આ પહેલાં રામ મોરીની વાર્તા પરથી જ 'મહોનું' ફિલ્મ બાનાવી હતી.

જેની પણ ઘણી પ્રશંસા થઈ હતી. 'મહોનું' હોય કે 'હેલ્લારો' હોય એમાં સંગીતનું પાસું પણ અગત્યનું હતું. મેહૂલ સૂરતીના સંગીતનો પણ આ બંનો ફિલ્મોમાં ફાળો હતો. હવે, ૨૧મું ટિફિન ફિલ્મના સંગીતની રાહ જોવાની રહે છે.

કોરોનાનો લીધે સિનોમા ઉદ્યોગનો પણ મોટો ફટકો પડ્યો છે. પણ હવે ધીરે ધીરે ફિલ્મો રજૂ થવા લાગી છે. દિવાળીએ 'સૂર્યવંશી' રજૂ થઈ અનો એ પહેલાં મલ્હાર ઠાકર અભિનિત ગુજરાતી ફિલ્મ 'ધુંઆધાર' રજૂ થઈ. થ્રીલરનો અનુભવ કરાવતી આ ફિલ્મ પણ દર્શકોનો આકર્ષવામાં સફળ થઈ હતી. ગુજરાતી ફિલ્મો વિશે વાત કરીએ તો બહુ ઓછી એવી ફિલ્મો ધ્યાનમાં આવે છે કે જેની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ હોય. કાંતિલાલ રાઠોડની પન્નાલાલ પટેલની વાર્તા પરથી બનોલી ફિલ્મ 'કંકુ' અચૂક યાદ આવે. એ જ રીતો કેનત મહેતાની ફિલ્મ 'ભવની ભવાઈ' પણ રાષ્ટ્રીય સ્તરે પુરસ્કૃત થઈ હતી. આ ફિલ્મો સિવાય છેક 'હેલ્લારો' સુધી આવતા ભાગ્યે જ કોઈ ફિલ્મ યાદ આવે છે. 'ધ ગુડ રોડ' પણ એક ફિલ્મ હતી જેનો ફિલ્મ સમીક્ષકોએ વખાણી હતી. હવે, પ્રતીક્ષા એ વાતની કરીએ કે '૨૧મું ટિફિન' ખુલે અને આપણને એક જુદા જ સ્વાદની ફિલ્મ ચાખવા મળે!

# નવા વરસમાં સામે ઘેર મળવા ગયા કે નહીં?



મનના ઉમંગો
રણછોડ પરમાર

સરિતાબેન, જય શ્રી કૃષ્ણ. સાલ મુબારક.

જયશ્રી કૃષ્ણ, તરલિકાબેન.તમને પણ સાલમુબારક.

શું કરો છો તમે ? દિવાળીની દોડધામમાંથી નવરાં પડ્યાં કે નહીં ? હજુ ઘેર આવતા નથી તો પછી ક્યારે આવશો ? દેવદિવાળી પછી ?

ના રે ના, એમ ક્યાં નવરાં પડાય છે ? પણ તમે તો નવરાં જ છો ને, તે તમે આવો !

કોણે કહ્યું હું નવરી છું ? અરે મારે ત્યાં તો તમારા કરતાં વધારે મહેમાનોના ધાડાં આવે છે તે સામા રહો છો તે જોતાં નથી ?

તે તમે નથી જોતાં મારે ત્યાં કેટલાં મહેમાનો આવે છે તે ? હું નવરી પડું તો એમને કંઈક કામ યાદ આવે છે. આ સામા ઘેર જવાનીયે ફૂરસદ રહેતી નથી બોલો.

તો પછી.... તમે આવશો ક્યારે ? ખ્રિસ્તીઓના બેસતા વરસે ?

ના, ના એટલું બધું તો મોડું આવવાનો કોઈ અર્થય ખરો કે ? આ તમારા ભાઈ નવરા પડે તો બે દિવસમાં જ આવી જઈશું બસ ! પણ તમે ક્યારે આવશો એ કહોને. અમે ? અમે તો આ તમારા ભાઈ નવરા પડે તો આજ સાંજે જ આવી જઈએ બોલો ! શું બોલો ? ખરી વાત તો એ છે કે આદમીઓજ આપણને નવરાં પડવા દેતા નથી. પાંચ વાગ્યા સુધી ઊંઘી રહે . ઊઠે પછી સોસાયટીમાં ફરવા જવાનું કહીએ તો કહેશે ચાલ આપણે સાહેબના ત્યાં જઈ આવીએ. ચાલ આપણે અંબેમાના મંદિરે જઈ આવીએ.

ખરી વાત છે. હોય એટલા બધાયે સાહેબના ઘેર જવાની શી જરુર હશે ? અને એ સાહેબો તો કોઈ દિલ્હ આપણા ઘેર આવતા જ નથી.

અને મોટા સાહેબો આપણા છોકરાવના હાથમાં દસ રુપિયાય મૂકતા નથી. ઉલટાનું આપણે એમના માટે મોંઘી મોંઘી ગિફ્ટ લઈ જવાની.

એ તો ઠીક પણ આપણે આપણા છોકરાંને માંડ માંડ પેંડો કે મગસ ખવરાવતા હોઈએ પણ એમના માટે તો કાજુકતરી કે સૂકા મેવા સિવાય બીજું કંઈ લઈ જ ના જવાય.

અને સાહેબો તો જેટલા મોટા એટલા મોટા કંજુસ.

હા, મારા બેટા. સૂકા મેવાના પેકેટ કબાટમાં મૂકી રાખે અને આપણને પેલી ગિફ્ટવાળી મીઠાઈ ચખાડે.

ગિફ્ટવાળી મીઠાઈની વાત સાંભળીને ઘર બહાર આવેલા કુસુમબેન તરત બોલી ઊઠ્યા, '' અરે, ગિફ્ટવાળી મીઠાઈઓનું કશું કહેવાય જ નહીં ! ખોખું આવડું મોટુ હોય ને અંદરથી અઢીસો ગ્રામ મીઠાઈ પણ ના નીકળે.

એ સાંભળી તરલિકાબેન તરત બોલ્યા, '' તે હેં કુસુમબેન, તમારા મીસ્ટર તો બહુ મોટા સાહેબ છે તો ભેટસોગાદોને કોઈ પાર જ નહીં રહ્યો હોય ને ?

એમ તો ઘણી ભેટ આવી છે. પણ મોંઘવારી કોને નથી નડતી, એમાંય બહુ કમી આવી ગઈ છે.

ભ્રષ્ટાચારીઓને વળી શાની મોંઘવારી ? મોંઘવારીનો માર તો અમારા જેવા મધ્યમવર્ગના લોકોને જ વેઠવો પડે છે.

એવું ના બોલો સરિતાબેન, મોંઘવારી તો સૌને નડે.

પણ આપણા વડાપ્રધાન ભલે મોંઘવારીનો ''મ '' ના બોલતા હોય પણ પેટ્રોલના ભાવ ઘટાડી દીધા ને ?

હે પેટ્રોલના ભાવ ઘટ્યા ? કેટલા ઘટ્યા ? હું એમને ગાડી ફુલ કરાવવા ફોન કરી દઉ ?

અરે ઘેલી કુસુમબેન, આ સરકાર આવી પછી પહેલીવાર ભાવ ઘટવાની વાત સાંભળવા મળી છે. પણ વિશ્વાસ બેસતો નથી, કાલ કદાચ વધી યે જાય .

પેલી ઉત્તરપ્રદેશની ચૂંટણી જીતવા જો ભાવ ઘટાડ્યા હશે તો એમ ઝટ વધશે નહીં. પણ આ ભાવ ઘટાડવાનું આમને કેવી રીતે સમજાયું એ જ મને તો સમજાતું નનથી.

તમને ભલે ના સમજાય , મને બધુંય સમજાય છે. કદાચ સરકારમાં ડખા પડ્યા હશે !

ઓ મારી બેન ! તમે ક્યાંની ક્યાં વાત લઈ જાવ છો ? મને એટલું કહો કે તમે બધાં મારા ઘેર ક્યારે આવવાના છો ? કે એ વાતમાંય તમારા ઘરમાં ડખા છે ?

એમાં શાના ડખા થવાના ? એકવાર ફી પડ્યાં એટલે તરત આવી જઈશું.

ના, અમે તો શાંતિથી આવીશું. તમારા ઘરમાં મઠિયા-ચોળાફળીના ડબા ખાલી થાય પછી આવીશું. એ રીતે ગરમ નાસ્તો તો મળે ને ? અરે એવું તે હોય ? જો તમે અત્યારે આવતા હોવ તો અત્યારે ગરમ નાસ્તો બનાવીશું બસ. નાસ્તાના ડબલાં ભલે પડ્યાં રહે.

લો બોલો, હમણાં તો મધ્યમ વર્ગ અને મોંઘવારી ને એવી બધી વાતો કરતાં હતાં ને હવે ગરમ નાસ્તા બનાવવા તૈયાર થઈ ગયાં ? તમારી વાત તરલિકાબેન અનોખી જ હોય છે.

તે અનોખી જ હોય ને ? અરે તમે અબી હાલ આવોને તોય તમને મઠિયા-ચોળાફળી અને ચવાણું હું તમને નહીં ખવરાવું. હું તો તમને ઘૂઘરા ખવરાવીશ, ઘૂઘરા.

''હે ! ઘૂઘરા !'' કુસુમબેનના મોંઢામાં પાણી આવી ગયું. ''હું તો દીપક આવે એટલે તરત આવું છું. ઘૂઘરા તૈયાર રાખજો.''

અરે એકલા ઘૂઘરા નહીં સુંવાળી પણ બનાવી છે , એ ખાધી છે કોઈ દિવસ ?

''સુંવાળી ? એ વળી કેવી હોય ?'' કુસુમબેનના આશ્ચર્યનો પાર ના રહ્યો.

''હું નાની હતી ત્યારે મારા બા બનાવતા હતા.'' સરિતાબેન ઉવાચ્ડ. ''મસ્ત ગળી પૂરી જેવી હોય. દૂધ જોડે ખાવાની એવી મઝા આવે કે ના પૂછો વાત.''

તો હું શું કહું છું સરિતાબેન ? આપણે બે જણા સરિતાબેનના ઘેર જઈ આવીશું. આદમીઓની રાહ જોઈને ક્યાં સુધી બેસી રહેવાનું ?

મનેય એમ જ થાય છે કે આપણે બે જઈ આવીએ, આ આદમીઓના ડખા તો કદી ખતમ થવાના નથી.

એ જ તો એમના ડખા તો કદી ખતમ થશે નહીં ને સરિતાબેનના ઘૂઘરા- સુંવાળી ખતમ થઈ જાય તો આપણે તો અસલ જમાનાની આયટમ ચાખ્યા વગરના રહી જઈએ.

એટલે જતો. હું શું કહું છું, તમે ઘડીક ઊભા રહો. હું સાડી બદલી લઉં. કોઈના ઘેર જઈએ તો કપડાં તો ઠીકઠાક પહેરવા પડે ને ?

હા, હા, હું પણ નવો ડ્રેસ પહેરી લ ઉં. મોટા ઓફિસરની મેડમ છું તો અપટૂડેટ તો રહેવું પડે ને ?

''હા, મેડમ'' તરલિકાબેન અને સરિતાબેન એકસાથે બોલી ઉઠ્યા અને એ સાથે જ ત્રણે મહિલાઓ ખડખડાટ હસી પડી.